| | |
|---|---|
| રજુ તારીખ | ૦૩/૧૨/૨૦૧૮ |
| દાખલ તારીખ | ૦૩/૧૨/૨૦૧૮ |
| ફેંસલ તારીખ | ૧૭/૧૨/૨૦૨૨ |
| સમયગાળો | વર્ષ: માસ: દિન: |

## મે. મજૂર અદાલત, નડીઆદ (જી. ખેડા) ના પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી એફ. એ. સિન્ધી સાહેબ સમક્ષ

**રેફરન્સ (LCN) નંબર : ૨૨૦/૨૦૧૮**

પ્રથમ પક્ષકાર : માતર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.,
મુ.પો.તા.માતર, જી.ખેડા.

**વિ રૂ દ્ધ**

બીજા પક્ષકાર : ગીરીશભાઈ સોમાભાઈ ભોઈ,
હે.ભોઈવાડો, મુ.પો. તા.માતર,
જી.ખેડા.

હાજર રહયા : પ્રથમ પક્ષકાર તરફે વિ.વ.શ્રી એમ . કે . શેખ
બીજા પક્ષકાર તરફે વિ.વ.શ્રી એસ.કે.રાણા

**: એ વો ર્ડ :**

(૧) હાલના રેફરન્સના કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે ''**સામાવાળા**'' અને ''**અરજદાર**'' તરીકે સંબોધવામાં આવેલા છે.

(૨) આ કામના અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ મદદનીશ શ્રમ આયુકતની કચેરી, નડીઆદ સમક્ષ તે અંગેનો ઔદ્યોગીક વિવાદ ઉત્પન્ન કરેલ. પરંતુ ત્યાં આગળ સદરહું વિવાદનું સમાધાન નહી થતાં ઔદ્યોગીક વિવાદ ધારો–૧૯૪૭ ની કલમ–૧૦(૧) મુજબ મદદનીશ શ્રમ આયુકતની કચેરી, નડીઆદે તેઓના

પત્ર ક્રમાંક ૪૪૧૭, તા.૩૧/૧૦/૨૦૧૮ ધ્વારા અત્રેની કોર્ટને સદરહું વિવાદનો ન્યાય નિર્ણય કરવા સારું સુપ્રત કરેલ છે. જેની અનુસુચિ નીચે મુજબ છે.

**''શ્રી ગીરીશભાઈ સોમાભાઈ ભોઈને તેમના પડેલા દિવસોના પગાર સહીત નોકરીની સળંગતા સહિત મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?''**

(૩) આ કામે અજદાર તરફે આંક–૧૯ થી માંગણાનું નિવેદન રજુ થયેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ સામાવાળી સંસ્થામાં સને–૨૦૧૦ થી કુપનકલાર્ક અને પશુઓના દાણ વેચવાની કામગીરી એટલે કે દાણ વિક્રેતા તરીકે જોડાયા હતા. પરંતુ સામાવાળા તેઓને હાજરીકાર્ડ, પગારસ્લીપ કે ઓળખકાર્ડ આપતા ન હતા અને તેઓનો છેલ્લો માસીક પગાર રૂા.પ૦૦૦/– ચુકવતા હતા. અરજદારે વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંતની ફરજ બજાવેલ છે અને ફરજ દરમ્યાન તેઓને કોઈ નોટીસ, ઠકપો આપવામાં આવેલ નથી. અરજદારને સામાવાળાએ કોઈ પણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઈ ખાતાકીય તપાસ કર્યા સિવાય તા.૦૪/૦૧/૨૦૧૮ ના રોજ સસ્પેન્શનો ઓર્ડર આપી, મૌખીક હુકમથી જણાવેલ કે, હમણા તમારી જરૂર નથી ફરીથી નોકરી ઉપર બોલાવીશું તેમ કહી છુટા કરેલા. જેથી તેઓએ તેમના વકીલ મારફતે સામાવાળાને નોટીસ આપેલી પરંતુ તેનો કોઈ જવાબ આપેલો નહી. અરજદારને સસ્પેન્શનનો પગાર આજ દિન સુધી ચુકવેલ નથી અને સામાવાળા તેઓને નોકરીએ રાખે તો તેઓ નોકરીએ રહેવા તૈયાર છે અને હાલ તેઓ બેકાર હોવાનું જણાવેલ છે. વધુમાં તેઓએ દાદ માંગતા જણાવેલ છે કે, સામાવાળાનું તેઓને છુટા કરવાનું પગલું ગેરકાયદેસર તેમ ઠરાવી અરજદારને છુટા કર્યા તારીખથી પડેલા દિવસોના પુરા પગાર સહીત સળંગ

નોકરી ગણી મળવાપાત્ર અન્ય લાભો સહીત પુન:સ્થાપિત કરે તેવો હુકમ કરવા તથા અરજદારને તા.૪/૧/૨૦૧૮ ના રોજ હુકમ આપ્યો તે હુકમ મુજબ આજ દિન પર્યંત સસ્પેન્શનનો પગાર ચુકવી આપે તેવો હુકમ કરવા તથા રેફરન્સ કેસના ખર્ચ પેટે રૂા.૧૦,૦૦૦/– અપાવવા માંગણી કરેલ છે.

(૪) આ કામના સામાવાળાને આંક–૨૦ તથા આંક–૨૨ વાળી નોટીસો ઈસ્યુ કરતા તે નોટીસો અનુક્રમે, આંક–૨૧ તથા આંક–૨૩ વાળી એકનોલેજમેન્ટ રીસીપ્ટથી બજી ગયેલ છે. સામાવાળાના અગાઉના વિ.વ.શ્રી મારફતે મુદ્દત અરજી આપેલ છે અને ત્યારબાદ નવા વિ.વ.શ્રી એમ.કે.શેખ નાઓનું વકીલપત્ર રજુ થયેલ છે અને તે સાથે સામાવાળી મંડળીએ વકીલશ્રીની નિમણુંક કરવા કરેલ ઠરાવ રજુ રાખેલ છે. પરંતુ ત્યારબાદ વખતો વખત પુરતી અને વ્યાજબી તકો આપવા છતાં સામાવાળા તરફે કોઈ જ જવાબ રજુ થયેલો નથી. જેથી અરજદારની આંક–૨૯ વાળી અરજી તળે થયેલ હુકમ મુજબ સામાવાળાનો જવાબનો હકક બંધ કરવામાં આવેલો. જે સંજોગોમાં સામાવાળા તરફે અરજદારની અરજીનો કોઈ જ લેખિત જવાબ રજુ થયેલો નથી.

(૫) આ કામે અરજદાર તરફથી નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**– : : મૌખીક પુરાવો : : –**

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન | માર્ક/આંક |
|---|---|---|
| ૧. | અરજદારનું સોગંદનામું | ૩૦ |

**– : : દસ્તાવેજી પુરાવો : : –**

આ કામે અરજદાર તરફે કોઈ જ દસ્તાવેજી પુરાવા રજુ થયેલા નથી. પરંતુ અરજદારે મદદનીશ શ્રમ આયુકત સમક્ષ કરેલ ફરીયાદની સાથે અરજદારને સામાવાળી સંસ્થાએ છુટા કર્યાનો પત્ર રજુ કરેલો

છે. અરજદારે આંક–૩૨ થી કલોઝીંગ પુરશીસ રજુ કરેલ છે.

(૬) જયારે આ કામે સામાવાળા તરફે કોઈ હાજર નહી રહેતા અરજદારની આંક–૩૧ ની અરજી તળે થયેલ હુકમ મુજબ સામાવાળાનો ઉલટતપાસ લેવાનો હકક બંધ કરવામાં આવેલો છે. તેમજ આંક–૩૩ થી અરજદારની અરજી તળે થયેલ હુકમ મુજબ સામાવાળાનો પુરાવાનો હકક પણ બંધ કરવામાં આવેલો છે.

(૭) આ કામે અરજદાર તરફે આંક–૩૪ થી લેખીત દલીલો રજુ કરવામાં આવેલ છે. જયારે સામાવાળાનો દલીલનો હકક પણ બંધ થયેલો છે. જેથી અરજદાર તરફે થયેલ દલીલોની ચર્ચા યોગ્ય તબકકે કરવામાં આવશે. આ કામે પક્ષકારો તરફે કોઈ જ ઓથોરીટીસ રજુ થયેલ નથી.

(૮) ઉપરોકત ઔદ્યોગીક વિવાદના ન્યાયીક નિકાલ માટે મારી સમક્ષ પડેલ પુરાવા તથા પક્ષનિવેદન વંચાણે લેતા નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–::મુદ્દાઓ::–**

(૧) શું આ કામના અરજદારને સામાવાળાએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ છે ?

(૨) શું આ કામના અરજદાર પડેલ દિવસોના પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત થવાની દાદ કે અન્ય બીજી કોઈ દાદ મેળવવા હકકદાર થાય છે ?

(૩) શું હુકમ ?

**–:: નિષ્કર્ષ ::–**

(૧) હકારમાં.

(૨) અંશત: હકારમાં. અરજદાર પુન:સ્થાપિત થવા તથા પડેલ

દિવસોના ૨૦% પગારની રકમ મેળવવા હકકદાર બને છે.

(૩) આખરી હુકમ મુજબ.

## **– : : પ રા મ ર્શ : : –**

***મુદૃા નં.(૧) અને નં.(૨) :–***

(૯) આ કામે મુદૃા નં.(૧) અને નં.(૨) ની હકીકતો પરસ્પર એકબીજા સાથે અતુટ રીતે સંકળાયેલી હોઈ બીન જરૂરી પુનરાવર્તન અટકાવવાના હેતુસર આ બંને મુદૃાઓની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

આ કામે અરજદાર કોઈ પણ દાદ મેળવવા હકકદાર છે તે સાબીત કરવા માટે પ્રથમ તેઓએ કામદાર હોવાનું અને ત્યારબાદ સળંગ નોકરી કરેલ હોવાનું અને ત્યારબાદ તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત પુરવાર કરવાની રહે છે.

આ તબકકે ઔ. વિ. ધારાની કલમ–૨(એસ) કે જેમાં કામદારની વ્યાખ્યા આપેલ છે. જે લક્ષમાં લેવી જરૂરી છે. સામાવાળી સંસ્થામાં સને–૨૦૧૦ થી કુપનકલાર્ક અને પશુઓના દાણ વેચવાની કામગીરી એટલે કે દાણ વિક્રેતા તરીકે જોડાયા હતા. પરંતુ સામાવાળા તેઓને હાજરીકાર્ડ, પગારસ્લીપ કે ઓળખકાર્ડ આપતા ન હતા અને તેઓનો છેલ્લો માસીક પગાર રૂા.૫૦૦૦/– ચુકવતા હતા. અરજદારે આ હકીકતો તેમના સોગંદ ઉપરના પુરાવામાં પણ જણાવેલી છે. આ કામે મદદનીશ શ્રમ આયુકત સમક્ષ રજુ થયેલા કાગળો જોતા અરજદારે મદદનીશ શ્રમ આયુકત સમક્ષ કરેલ ફરીયાદમાં તેમના કામનો પ્રકાર પશુઓને ખાવાનેં દાણ વેચવાની કામગીરી, દાણ વિક્રેતા તરીકેનો દર્શાવેલો છે અને કારખાના અથવા ઔદ્યોગીક સંસ્થાના નામમાં સામાવાળી સંસ્થાનું નામ દર્શાવેલ છે. આ ઉપરાંત મદદનીશ શ્રમ આયુકત સમક્ષ થયેલી ફરીયાદના કાગળોમાં

અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કર્યાનો પત્ર/હુકમ આપેલો તે રજુ થયેલો છે. વળી આ કામે સામાવાળા તરફે અરજદારના માંગણા નિવેદનનો કોઈ જ જવાબ રજુ કરવામાં આવેલો નથી. અરજદારે ઉપર મુજબની મહદઅંશે જુબાની આ મુદ્દા ઉપર આપેલી છે. પરંતુ સામાવાળાએ હાજર રહી અરજદારના સોગંદ ઉપરના પુરાવાની ઉલટતપાસ પણ કરેલ નથી. ત્યારે અરજદાર સામાવાળાના કામદાર હોવાની હકીકત બીનતકરારી અને પડકારરહીત રહેલ છે. વધુમાં સામાવાળા તરફથી કોઈ પુરાવો પણ રજુ થયેલો નથી. જેથી અરજદાર કલમ–૨(એસ) મુજબ સામાવાળાના કામદાર હોવાનું અને તેઓ અને સામાવાળા વચ્ચે નોકર–માલીકનો સબંધ હોવાનું સ્થાપિત થાય છે.

(૧૦) હવે એ જોવાનું રહે છે કે, અરજદારે કલમ–૨૫(બી) મુજબ નોકરી કરેલ છે કે કેમ ? તે માટે કલમ–૨૫(બી) ધ્યાને લેવી પડે. અરજદારના કથન મુજબ અરજદાર સામાવાળી સંસ્થામાં સને–૨૦૧૦ થી કુપનકલાર્ક અને પશુઓના દાણ વેચવાની કામગીરી એટલે કે દાણ વિક્રેતા તરીકે જોડાયા હતા. પરંતુ સામાવાળા તેઓને હાજરીકાર્ડ, પગારસ્લીપ કે ઓળખકાર્ડ આપતા ન હતા અને તેઓનો છેલ્લો માસીક પગાર રૂ.૫૦૦૦/– ચુકવતા હતા. અરજદારે વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંતની ફરજ બજાવેલ છે અને ફરજ દરમ્યાન તેઓને કોઈ નોટીસ, ઠકપો આપવામાં આવેલ નથી. અરજદારને સામાવાળાએ કોઈ પણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઈ ખાતાકીય તપાસ કર્યા સિવાય તા.૪/૧/૨૦૧૮ ના રોજ સસ્પેન્શનો ઓર્ડર આપી, મૌખીક હુકમથી જણાવેલ કે, હમણા તમારી જરૂર નથી ફરીથી નોકરી ઉપર બોલાવીશું તેમ કહી છુટા કરેલા. આ હકીકતને સામાવાળાએ સૌ પ્રથમ જવાબ રજુ નહી કરીને પડકારેલ નથી. આ કામના સામાવાળા તરફે હાજર રહી અરજદારના

પુરાવાની આ હકકીતને પણ પડકારેલ નથી કે ઉલટતપાસ કરેલ નથી. આમ અરજદારે તેમના મૌખીક પુરાવામાં જે સળંગ નોકરી કરેલાની હકીકત જણાવેલી છે તે બીન તકરારી અને પડકારરહીત રહેલી છે. તે જોતા અરજદારે સામાવાળી સંસ્થામાં સતત અને સળંગ રીતે સને–૨૦૧૦ થી તેઓને છુટા કર્યા ત્યાં સુધી ફરજ બજાવેલ હોવાનું પુરવાર થાય છે અને તે અંગે કોઈ શંકા રહેતી નથી. તેથી અરજદારે સતત અને સળંગ રીતે કલમ–૨૫(બી) પ્રમાણે નોકરી કરેલાનું પુરવાર થાય છે.

(૧૧) હવે અરજદારને ગેરકાયદેસર રીતે છુટા કરેલા કે કેમ તે હકીકત સાબીત થાય છે કે કેમ ? તે અંગે વિચારવાનું રહે. આ માટે ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ–૨૫(એફ), ૨૫(જી) અને ૨૫(એચ)ની જોગવાઈઓ ઘ્યાને લેવી પડે. અરજદારનું કથન છે કે, તેઓને સામાવાળાએ કોઈ પણ જાતની નોટીસ આપ્યા સિવાય કે કોઈ ખાતાકીય તપાસ કર્યા સિવાય તા.૪/૧/૨૦૧૮ ના રોજ સસ્પેન્શન ઓર્ડર આપી તેજ દિવસે મૌખીક રીતે જણાવેલું કે, હમણા તમારી જરૂર નથી ફરીથી તમને નોકરી ઉપર બોલાવીશું તેમ કહીને છુટા કેરલા અને છુટા કરતી વખતે મળવાપાત્ર કોઈ લાભો ચુકવી આપેલા નથી કે તા.૪/૧/૨૦૧૮ ના રોજ હુકમ મુજબ સસ્પેન્શન પગાર પણ ચુકવેલો નથી. આ તમામ હકીકતો વિરુઘ્ધની હકીકતો રજુ કરતો સામાવાળા તરફે કોઈ જ લેખિત જવાબ રજુ થયેલો નથી કે હાજર રહી અરજદારની ઉલટતપાસ પણ કરવામાં આવેલી નથી. તે સંજોગોમાં આ હકીકતો બીનતકરારી, પડકારરહીત રહેલી છે. સામાવાળા તરફથી પુરતી અને વ્યાજબી તકો મળવા છતાં પુરાવો પણ રજુ કરવામાં આવેલો નથી. સામાવાળા તરફે બે અલગ અલગ વકીલોના વકીલપત્રો રજુ થયેલા છે અને મુદૃતો માંગવામાં આવેલી છે તેમજ વકીલ રોકયા અંગેનો સામાવાળી સંસ્થાનો ઠરાવ પણ રજુ કરેલો છે. જે જોતા સ્પષ્ટ

રીતે જણાય આવે છે કે, સામાવાળાને તેઓ સામે ચાલતી કાર્યવાહીની સંપુર્ણ માહીતી પ્રથમ થી જ હતી. પરંતુ તેઓએ અરજદારના માંગણા નિવેદન વિરુધ્ધનો કોઈ જ લેખિત જવાબ રજુ કરેલો નથી કે પોતાના સમર્થનમાં કોઈ લેખિત કે દસ્તાવેજી પુરાવો પણ રજુ કરેલો નથી. તેવા સંજોગોમાં અરજદારે જે મૌખીક પુરાવો રજુ કરેલો છે તે નહી માનવાને કોઈ જ કારણ રહેતું નથી. આમ સમગ્ર રીતે કેસની હકીકત, સંજોગો અને પુરાવો જોતા અરજદારની ગેરકાયદેસર રીતે છટણી કરવામાં આવેલી હોવાનું પુરવાર થાય છે. જેથી મુદ્દા નં.(૧) નો જવાબ ''**હકાર**'' માં ઠરાવવામાં આવે છે.

(૧૨) હવે અરજદારને પડેલ દિવસોના પગાર સાથે પુન:સ્થાપિત થવાની અથવા ઉચ્ચક વળતર મળવા અંગેની દાદ મળવાપાત્ર છે કે કેમ તેની ચર્ચા કરવાની થાય છે. હવે જયારે અરજદારને ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ હોવાનું સાબીત થતું હોય ત્યારે કોઈ વિરુધ્ધના સંજોગો રેકર્ડ ઉપર ન હોય ત્યારે સામાન્ય સંજોગોમાં અરજદાર પુન:સ્થાપિત થવા માટે હકકદાર ઠરે છે. અરજદારે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, નોકરીમાંથી છુટા કરતા નોકરી મેળવવા ઘણાં જ પ્રયત્ન કરેલા. પરંતુ નોકરી મળેલ નથી અને હાલ તેઓ બેકાર છે. વધુમાં અરજદારે શ્રમ આયુકત સમક્ષ સને–૨૦૧૮ માં દાખલ કરેલ ફરીયાદમાં પોતાની ઉંમર ૪૭ વર્ષની દર્શાવેલ છે અને સને–૨૦૨૨ માં રજુ કરેલ પુરાવા એફીડેવીટમાં પોતાની ઉંમર ૫૦ વર્ષની દર્શાવેલ છે. જે જોતા અરજદાર હજી ઘણો સમય નોકરી કરવા માટે સક્ષમ છે. જે સંજોગોમાં અરજદારને સામાવાળી સંસ્થામાં પુન:સ્થાપિત કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાય છે.

હવે એ વિચારવાનું રહે કે, અરજદાર પડેલ દિવસોનો પગાર મેળવવા માટે કેટલા અંશે હકકદાર ઠરે છે. અરજદારે તેમના આંક–૩૦ ના પુરાવામાં

જણાવેલ છે કે, તેઓને છુટા કર્યા બાદ હાલ તેઓ બેકાર છે અને બીજી જગ્યાએ નોકરી મેળવવા માટે પ્રયત્ન કરેલો પરંતુ નોકરી મળેલ નથી. જે સંજોગોમાં આ કામના અરજદારે સામાવાળી સંસ્થામાં કરેલ નોકરીનો સમયગાળો ઘ્યાને લેતા, તેમની ઉંમર ઘ્યાને લેતા પડેલા દિવસોનો પગાર અપાવવો ન્યાયોચિત જણાય છે. પરંતુ સામાન્ય રીતે કોઈ પણ વ્યકિત સંપુર્ણ પણે હાલના સમયમાં બેકાર બેસી રહે તે માની શકાય તેમ નથી. જેથી વ્યાજબી રીતે પડેલ દિવસોનો પગાર અપાવવો ન્યાયી જણાય છે. જેથી અરજદાર પડેલ દિવસોના ૨૦% પગાર મેળવવા હકકદાર બને છે. તે સંજોગોમાં મુદ્દા નં. (૩) અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**: <u>હુકમ</u> :**

અરજદારનો હાલનો રેફરન્સ કેસ અંશત: મંજુર કરવામાં આવે છે.

અરજદારને આ કામના સામાવાળાએ હાલનો એવોર્ડ પ્રસિઘ્ધ થયેથી દિન–૬૦ માં તેઓની મુળ જગ્યાએ, સળંગ નોકરી ગણી, પુન:સ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ કામના સામાવાળાએ અરજદારને પડેલા દિવસોના ૨૦% પગારની રકમ, એવોર્ડ પ્રસિઘ્ધ થયેથી, દિન–૬૦ માં ચુકવી આપવી.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**તારીખ : ૧૭ /૧૨/૨૦૨૨**
નડીઆદ.
(M.D.)

**(ફૈયાઝ અમાનુલ્લાખાન સિન્ધી)**
**પ્રિસાઈડીંગ ઓફિસર**
**મજૂર અદાલત, નડીઆદ.**
**GJ01151**